## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડિયર તમારા માટે હું ભુખી તરસી રહીને કડવાચોથનું વ્રત રાખી જાણું છું, હવે તમે મને એક માળીયું સાફ નહીં કરી દો...!

# અંબોડમાં દિપડાને પકડવા વન તંત્રએ ૭ પાંજરા મુકયા

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર શહેર તેમજ આસપાસના જંગલ વિસ્તાર દિપડા માટે ફેવરેબલ બની ગયા છે. છેલ્લા એક વર્ષથી શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના જંગલોમાં દિપડો આંટા મારતો હોવાની બુમ સ્થાનિક ગ્રામજનો ઉઠવી રહ્યા છે. ગત સપ્તાહ દરમિયાન જ વનતંત્રએ એક દિપડાને કેદ કરી રાહતનો શ્વાસ લીધો હતો. ત્યાં અંબોડમાં હજુ દિપડો હોવાની હકીકત પ્રકાશમાં આવતા વનતંત્રએ હવે આ દિપડાને કેદ કરવા માટે વિવિધ સાત ઠેકાણે પાંજરા મુકી દીધા છે.

### દિપડાને કેદ કરવા માટે વન તંત્રએ અભિયાન હાથ ધર્યુ : દિપડાને કેદ કરવા વન તંત્રના અધિકારીઓનુ અંબોડમાં સર્ચ ઓપરેશન

ગાંધીનગરના અંબોડ ગામમાં દિપડાએ દેખા દેતા સ્થાનિક ગ્રામજનોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. વનતંત્રએ એક દિપડાને પાંજરામાં કેદ કર્યા બાદ ગ્રામ્ય વિસ્તાર આસપાસના જંગલોમાં હજુ દિપડી અને તેનુ બચ્ચુ હોવાની વાત સામે આવતા વનતંત્રની ઉંઘ હરામ થઈ છે. છેલ્લા છ મહીનાથી દિપડાને પકડવાના અથાગ પ્રયાસો બાદ માંડ રખડતો દિપડો વનતંત્રના પાંજરે પુરાયો છે. ત્યારે બીજા દિપડાના ખબર મળતા વનતંત્રના અધિકારીઓ ફરી કામે લાગી ગયા છે. ગઈકાલે પણ અંબોડ જંગલમાં રાત્રિના ૩ કલાકે દિપડો દેખાયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. દિપડાએ અત્યાર સુધી ભેંસનુ મારણ કર્યુ હોવાની વાત પણ સામે આવી છે. જયારે હવે વનતંત્રએ દિપડાને પકડવા માટે વિવિધ સાત ઠેકાણે પાંજરા મુકયા છે.દિપડો એક ગામથી બીજા ગામની સીમના જંગલમાં ફરતો હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. પરંતુ અંબોડના જંગલ વિસ્તારમાં દિપડો વધુ દેખા દેતો હોવાના લીધે આ વિસ્તારમાં વનતંત્રએ સાત જેટલા પાંજરા મુકી દિપડાને કેદ કરવા પુરતી તૈયારી કરી લીધી છે.

જયારે આગામી બે દિવસમાં વધુ ત્રણ પાંજરા મુકવામાં આવશે. છેલ્લા એક વર્ષથી ગાંધીનગર તેમજ આસાપાસના ગ્રામ્ય વિસ્તારમાં દિપડો આવી જતો હોવાના સમાચાર અનેકવાર પ્રકાશમાં આવ્યા છે. ત્યારે દોલારાણા વાસણામાંથી એક દિપડો પકડાયા બાદ બીજા દિપડાને પણ કેદ કરવા વનતંત્રએ સઘન પ્રયાસો હાથ ધર્યા છે.



ગાંધીનગર તાલુકાનો બીજો સેવાસેતુ કાર્યક્રમ આજે શેરથા ખાતે યોજાયો હતો જેને પ્રાંત અધિકારી ભોરણીયા તથા મામલતદાર સુધીર રાવલની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકાયો હતો. આ સેવાસેતુ કાર્યક્રમની ધારાસભ્ય શંભુજી ઠાકોરે પણ મુલાકાત લઈ અને લાભાર્થીઓને લાભનું વિતરણ કર્યુ હતુ.

## સિસિકા દ્વારા વિધવા જરૂરિયાતમંદોને સહાય

સિસિકા દ્વારા ગાંધીનગર શહેર અને તેની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોની વિધવા બહેનો તથા જરૂરિયાતમંદોને અનાજ કરિયાણાની ૪૧ કીટ આપવામાં આવી હતી. આ કીટમાં ઘઉં, મગની ફોતરાવાળી દાળ, ખીચડીના ચોખા, કપાસીયા તેલ, ગોળ, ખાંડ, મરચું, હળદર, મીઠું, કપડા ધોવાના સાબુ, ધાણાજીરૂ જેવી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સેવામાં પ્રમુખ એચ.બી.શાહ, સિસિકા વિધવા સહાયના કન્વીનીયર મીનાબેન બી. શાહ તથા કમિટીના સભ્યો જીવણલાલ એલ. શહ, બી.ડી શાહ, દામિનીબેન લાખીયા, આશાબેન દોશી તથા સભ્યો ડી.એમ. પરમાર, પ્રદિપભાઈ લાખીયા તથા રમેશભાઈ મહેતાએ વિશિષ્ટ સેવા પુરી પાડી હતી.

## સે-૧૬ અને ૧૭ માં જ અને છ કક્ષાના આવાસોનુ રીનોવેશન હાથ ધરાશે

### ચ કક્ષાના આવાસોનુ પણ મજબુતીકરણ થશે : સે-૧૭ ના રહીશોની લાંબા સમયની માંગણી સંતોષાશે : જોખમી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય કરાશે

ગાંધીનગર તા ૧૯

શહેરમાં એકબાજુ જોખમી અને કંગાળ આવાસો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે બીજીતરફ નવા આવાસોના નિર્માણની સાથે અનુલક્ષીને માર્ગ મકાન વિભાગ દ્વારા તબક્કાવાર આવાસો તોડવાનુ કામ હાથ ધરવામાં આવે છે. શેહરના સે-૯ માં પણ આવાસો તોડવાના કામને મંજુરી આપી મકાનોને રહેણાંકને લાયક બનાવવા માટે પણ કામગીરી હાથ ધરાઈ છે. સે-૧૬ અને સે-૧૭ માં પણ આગામી દિવસોમાં જ ,ચ અને છ કક્ષાના સરકારી આવાસોને યોગ્ય



મકાનોનુ રીનોવેશન પણ કરવામાં આવી રહ્યુ છે. શહેરના સે-૧૬ અને સે-૧૭ માં પણ જ ,છ અને ચ કક્ષાના સરકારી આવાસોનુ રીનોવેશન કરાશે આ આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક ન હોવાથી તંત્ર દ્વારા રીનોવેશનની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે.

ગાંધીનગરના વિવિધ સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો છે જયારે આ આવાસો દાયકાઓ જુના હોવાથી હાલની સ્થિતિએ મોટાભાગના જોખમી સ્થિતિમાં છે. જેને દેવામાં આવી છે. જયારે અત્યાર સુધી સે-૧૬, સે-૭ સે-૨૯ સે-૬ અને સે -૩૦માં પણ જોખમી આવાસોનો નિકાલ કરાયો છે. શહેરમાં હાલની સ્થિતિએ ૧૪ હજાર જેટલા મકાનો છે. આ સ્થિતિ વચ્ચે સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેના લીધે મકાન ફાળવણીની પ્રક્રીયા પણ પ્રભાવિત થઈ છે. શહેરમાં એકબાજુ નિકાલ હેઠળના જોખમી મકાનો તોડવા માટે સેકટરોમાં તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. જયારે સેકટરોમાં જુદી જુદી કક્ષાના કરવા માટે રીનોવેશનની કામગીરી હાથ ધરાશે. સે-૧૭ માં આવાસોના રીનોવેશન માટે સ્થાનિક રહીશો પણ લાંબા સમયથી માંગણી ઉઠાવી છે ત્યારે આ આવાસ મજબુતીકરણની કામગીરી બાદ સ્થાનિકોની સમસ્યાનો પણ ઉકેલ આવશે. જયારે સે-૬ માં હાલ નવી ટાવર કોલોની બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા હજુ પણ મકાનો ખાલી કરાવી તોડવાનુ કામ પણ હાથ ધરાયુ છે. શહેરમાં આગામી દિવસોમાં નવા આવાસો બાંધવા માટે પણ નવી કાર્યયોજના ટુંકમાં તૈયાર કરી દેવાશે.

## જિલ્લાના મહેસૂલી કર્મચારીઓ માટે આવાસ કોલોની "યર માર્ક" કરવા માંગ

### જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળે કલેક્ટરને લેખિતમાં રજુઆત કરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા મહેસુલી કર્મચારીઓ માટે આવાસ કોલોની "યર માર્ક" કરવી જોઈએ જેથી કર્મચારીઓને આવાસની સમસ્યાનો સામનો ના કરવો પડે. જિલ્લા મહેસુલી કર્મચારી મંડળે આ અંગે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યને પત્ર લખી આ માંગણી કરી છે.

મંડળે તેના પત્રમાં જણાવ્યુ છે કે જિલ્લો ચાર તાલુકાનો બનેલો છે અને ગાંધીનગરથી ૨૦ થી ૩૦ કિ.મી.ના અંતરે આ તાલુકા મથકો આવેલા છે. કર્મચારીની ગાંધીનગરથી તાલુકા મથકે બદલી થાય ત્યારે તેને મળેલ મકાન સરકારને પરત સોંપવાનું થાય છે પરંતુ પછી જયારે તે પુનઃ ગાંધીનગર ખાતે નિયુક્ત થાય ત્યારે સરકારી આવાસ મેળવવા માટે વેઈટીંગ લિસ્ટ ચાલતુ હોવાથી આવાસની સમસ્યાનો સામનો કરવો પડે છે.

કર્મચારીઓના બાળકોને પણ શિક્ષણ માટે પ્રશ્નો થતા હોય છે. આ સંજોગોમાં કર્મચારીઓ માટે આવાસની કોલોની "યર માર્ક" કરવી જોઈએ.

મંડળે રજુઆતના સમર્થનમાં કહ્યુ છે કે કેન્દ્ર સરકારની કેટલીક કચેરીઓ તેમજ ખાનગી ગ્રાન્ટ ઈન એઈડ શૈક્ષણિક સંસ્થાઓ માટે આ રીતે આવાસો અલાયદા રખાયા જ છે તો મહેસુલી કર્મચારીઓના આ પ્રશ્ને પણ તંત્ર સંવેદનશીલતા દાખવી અને યોગ્ય નિર્ણય કરે તે કર્મચારીઓના હિતમાં છે.

## ખોરજ ગામે વિજપોલ સાથે કાર અથડાતા યુજીવીસીએલ દ્વારા ફરીયાદ

ગાંધીનગર, તા.૧૯

ખોરજ ગામની સીમમાં ગત તા.૧૨ મી ના રોજ રાત્રીના સમયે ગફલતભરી રીતે કાર હંકારી કાર પરનો કાબુ ગુમાવતા સાંજા ચુલા હોટલથી થોડેક દુર વિજપોલ સાથે કાર અથડાતા વિજપોલ તુટીને નીચે પડ્યો હતો. જેને પગલે વિજપોલના બંન્ને સાઈડના વાયરો તુટી ગયા હતા. જો કે વિજપોલ માર્ગ વચાળે પડતા થોડા સમય માટે વાહન વ્યવહાર બંધ કરવો પડ્યો હતો. જયારે બનાવ અંગે કાર ચાલક સામે યુજીવીસીએલની ફરીયાદને પગલે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ હિતેન્દ્ર વિઠ્ઠલભાઈ શાહ ઉં.વ.૫૦ રહે. રાજધાની સોસાયટી ઘર નં.૩૫ ખાતે રહે છે અને ૬૬ કેવી સબડિવિઝનમાં ફરજ બજાવે છે. તેઓ ગત તા. ૧૨ ના રોજ પોતાના પરિવાર સાથે ઘરે હતા તે દરમિયાન લાઈન મેનનો મારા પર ફોન આવ્યો હતો કે ખોરજ પાસે સાંજા ચુલા હોટલ નજીક એક કારના ચાલકે વિજપોલને અથડાવતા વિજપોલ તુટી ગયેલ છે.પોલની બંન્ને સાઈડના વાયરો તુટી ગયા છે. હું તાત્કાલીક સ્થળ પર પહોંચ્યો હતો અને લાઈન બંધ કરાવી હતી અને કામગીરી કરી હતી.ત્યારબાદ વિજપોલના નુકશાનને પગલે અડાલજ પોલીસ મથકે યુજીવીસીએલના અધિકારી હિતેન્દ્ર શાહની ફરીયાદને પગલે પોલીસે જી.જે.૧૮. એ.બી. ૧૨૦૨ કાર ચાલક સામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઈ મેમો નહીં ભરનારા ૧૮૦ વાહનચાલકોના લાયસન્સ રદ થશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં ઈ ચલણ ન ભરનારા ૧૮૦ જેટલા લાયસન્સ ચાલકોના લાયસન્સ રદ કરવા માટેની યાદી ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા આર.ટી.ઓ. કચેરીને આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને આજરોજ કાયદો-વ્યવસ્થા અંગેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ અને ટ્રાફિક નિયમન માટે કુલ ૨૦૯ સી.સી. ટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. વિવિધ સર્કલો અને નિયત થયેલ સ્થળો પર લગાવેલ કેમેરા થકી ટ્રાફિક નિયમન સાથે સાથે ગુનાહિત પ્રવૃત્તિ કરીને ફરાર થતાં વ્યક્તિને પકડવા માટે આ કેમેરાઓનું મોનીટરીંગ એસ.પી. કચેરીમાં અલાયદો રૂમ બનાવી કરવામાં આવી રહ્યું છે.

આ કેમેરાઓ થકી ગાંધીનગર શહેરમાં ટ્રાફિક નિયમનો ભંગ કરતાં ૯૪ હજાર વાહનચાલકોને ઈ ચલણ છેલ્લા અગિયાર માસના ટુંકા સમયમાં ઈસ્યુ કરવામાં આવ્યા છે. તે ઉપરાંત અવારનવાર ટ્રાફિકના નિયમનો ભંગ કર્યા બાદ અને ઈ-ચલણ મળ્યા બાદ પણ દંડની રકમ ન ભરનાર ૧૮૦ જેટલા વાહન ચાલકોના લાયસન્સ રદ કરવા માટેની યાદી ગાંધીનગર આર.ટી. ઓ. કચેરીને મોકલવામાં આવી છે.

## સેકટર-૩૦ મુકિતધામ ખાતે મુકિતધામ કર્મચારીઓ માટે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

નામદાર સુપ્રિમકોર્ટના આદેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના ઉપક્રમે 'વર્લ્ડ એન્ટી પોવર્ટી ડે' ૧૭ ઓક્ટોબર નિમિત્તે ખાસ એક ગરીબી નિવારણની વિવિધ કેન્દ્રની અને ગુજરાત રાજ્યની યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવા કાનૂની શિક્ષણ શિબિર શહેરનાં મુક્તિધામ સેક્ટર-૩૦માં કામગીરી બજાવતા કર્મચારીઓ માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. આ શિબિરમાં કોર્ટના પેરાલીગલ લીગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈ દ્વારા ગરીબી નિવારણ અંગેની વિવિધ યોજનાઓની સમજણ સાથે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા કઈ રીતે મદદરૂપ થઈ શકે તેની વિસ્તૃત માહિતી આપી હતી. જયારે પી.એલ.વી. કાંતિભાઈ વોરા દ્વારા કાનૂની સહાય અને મધુસુદનભાઈ જોષીએ સરકારી લાભાર્થીની યોજના વિશે છણાવટ કરી હતી.

## બાળકોના માનસિક વિકાસ સાથે શારીરિક વિકાસ જરૂરી છે : કુલદીપ આર્ય

ગાંધીનગર, તા. ૧૯

બાળકોના માનસિક વિકાસ સાથે શારીરિક વિકાસ થાય તે માટે રમત ગમતની પ્રવૃત્તિ તેના બાલ્ય અવસ્થામાં ખૂબ જરૂરી છે. જેથી સરકારી શાળાઓમાં અભ્યાસના સારા ક્લાસ રૂમો સાથે રમતના મેદાનમાં ખેલકૂદના સાધનો પુરા હોય તેવી સુચારૂ વ્યવસ્થા કરવા માટે જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ સંકલન અને ફરિયાદ સમિતીની બેઠકમાં જણાવ્યું હતું.

જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ વધુમાં જણાવ્યું હતું કે, ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો માટે આ પ્રવૃત્તિ તેટલી જ મહત્વની છે. જેથી જે શાળાઓ સરકારી શાળાઓના મેદાનમાં રમત ગમતની પ્રવૃત્તિ કરવા માંગે તેમને યોગ્ય કાર્યવાહી કરી રમતના મેદાન અમુક દિવસ માટે ફાળવી આપવાની વાત પર પણ ભાર મુક્યો હતો.

'નલ સે જલ' યોજનાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના તમામ ગામો અને શહેરોમાં નળ દ્વારા જ પાણી મળે તે માટેની કાર્યવાહી પણ ઝડપી પુરી કરવા માટે પણ સંબંધિત અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. તેની સાથે પ્લાસ્ટિક મુકત શહેરોનું અભિયાન સક્રિય રીતે નગરપાલિકા વિસ્તારો, મહાનગરપાલિકા વિસ્તાર અને ગ્રામ્ય કક્ષાએ કરવા માટે પણ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. તેની સાથે જળ શક્તિ અભિયાન થકી થયેલી કામગીરીની વિગતો સંબંધિત કચેરીઓને તાત્કાલિક ઓન લાઈન માહિતી આપી દેવા માટે પણ જણાવ્યું હતું.

કલેકટર કુલદીપ આર્યએ તમામ કચેરીઓના અધિકારીઓને પ્રજાલક્ષી અને જનસુખાકારીના કામોને ઝડપી પૂર્ણ કરવા માટે પણ જણાવ્યું હતું.


આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર રતનકંવર ગઢવીચારણ, નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા સહિત જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.





પાલજમાં જોગણીમાતાનો પાટોત્સવ ધામધૂમથી યોજાયો હતો. પાટોત્સવ પ્રસંગે શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. ગામના ભાઈ બહેનોએ ઉત્સાહભેર શોભાયાત્રામાં જોડાઈ ગરબા રમ્યા હતા.

Wish you Very
Happy Birthday
&
Always respect Every baby



શાહન્વી
જન્મદિનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...
ઉમિયા માતાના આશીર્વાદ....
પટેલ એગ્રો એજન્સી, પ્રાંતિજ
મો. ૯૬૨૪૧૨૯૨૪૧
લિ.
મમ્મી-પપ્પા
દાદા-દાદી
મામા-મામી
માસા-માસી
દિગી-વિશ્વ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ